॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૯ જાન્યુઆરી ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૭** **કુલ ગુણ : ૧૦૦**

(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોના અર્થ લખો અને તે કયા પાઠમાં આવે છે?** **(૩)**

૧. ખીસાં કાતરી   ૨. ઉપદ્રવ રહિત   ૩. પરિત્યાગ કરું છું

**(ખ) નીચેનામાં ૩૨ દોષમાંથી કયો દોષ લાગે?** **(૨)**

૧. અંધારાથી ડર લાગે.   ૨. અવ્રતીની સેવા લેવી.   ૩. પાઠ ટૂંકાવીને બોલવા.   ૪. જલ્દીથી બોલે.

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. કયા સૂત્રમાં બે શ્રુતસ્કંધ છે? તેની આગમશૈલી શું છે? (૩)

૨. સમવાય એટલે શું? તે કયા આગમમાં છે? તેમાં શેનું વર્ણન છે? (૧.૫×૪)

૩. ડાલાપાલાનું વર્ણન કયા સૂત્રમાં છે? તે કાલિક કે ઉત્કાલિક? તેના રચયિતા કોણ?

૪. ઉલ્કાપાત કોને કહે છે? વ્યવહારમાં તેને શું કહેવાય છે? તેની અસજ્ઝાયનો કાળ કેટલો?

૫. હાડકું પડ્યું હોય તો ક્યાં સુધીની અસજ્ઝાય? કોના હાડકાની કેટલી અસજ્ઝાય?

૬. ચોમાસું બેસે ત્યારે કઇ અસજ્ઝાય હોય? કેટલા કલાકની? (૧)

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દીક્ષા પછી તરત ભગવાનને કયો ઉપસર્ગ આવ્યો? કેટલા સમય સુધી? સાધનાકાળ કેટલો? (૩)

૨. વંદનાનો પ્રતિભાવ ભગવાન ન આપતા તો માણસો કેવું વર્તન કરતા? ત્યારે ભગવાન શું કરતા? (૨)

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જંબૂદ્વીપમાં કયા વૃક્ષ છે? તેના અધિપતિ કોણ છે?   ૨. કયા તીર્થંકરના વર્ણ લીલા અને લાલ રંગના છે?

૩. આરાધના કેટલા પ્રકારની? કઈ? વ્યાખ્યા સાથે લખો. ૪. ઉન્માદ એટલે શું? કેટલા અને કયા કયા?

૫. એકાકી સિદ્ધ કોણ થયું? અપરાજિત દેવની ઊંચાઈ કેટલી? ધર્મ અને અધર્મ પ્રતિમાથી શું થાય?

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ય સાર્થવાહની પત્નીનું નામ શું હતું? બંનેનું વર્ણન કરો. (૨×૩)

૨. રક્ષિકાએ કમોદના દાણાનું શું કર્યું? તેને શું કામ સોંપ્યું?

૩. કયા સાધુ – સાધ્વીજી સંસારથી મુક્ત બને છે?

૪. કયા સાધુ – સાધ્વીના ગુણોની વૃદ્ધિ થાય છે અને કયા સાધુ – સાધ્વીના ગુણોની હાનિ થાય છે? (૪)

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. આનંદ ગાથાપતિની પત્નીનું નામ શું હતું? તેમનું વ્યક્તિત્વ કેવું હતું?

૨. આનંદ ગાથાપતિએ પાંચમા વ્રતની મર્યાદા કેવી રીતે કરી?

૩. વાણિજ્યગ્રામ નગરના રાજા કોણ હતા? તેઓ કોના દર્શન કરવા ગયા? કેટલા અને કયા રાજચિહ્નોનો ત્યાગ કર્યો? કેટલા નિયમોનું પાલન કર્યું?

૪. આનંદ શ્રાવકને કેટલું અવધિજ્ઞાન થયું?

૫. ઔષ્ટ્રિક, આલાપ, સંલાપ એટલે શું?

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. કોણિક રાજાનું વર્ણન કરો. (૨×૨)

૨. તલવર, માડંબિક, ઇભ્ય અને કૌટુંબિક એટલે શું?

૩. ગૌતમ અણગારે કેટલો અભ્યાસ કર્યો અને કેટલા વર્ષ સંયમ પર્યાયનું પાલન કર્યું? (૧)

**(૫)**

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અનુત્તરોવવાઈ સૂત્રમાં કેટલા વર્ગ છે? ૬ થી ૧૦ વર્ગ કયા છે? (૩)

૨. જાલિ કુમારના લગ્ન કેટલી કન્યાઓ સાથે થયા? તેઓ સાથે શું લઈને આવી હતી? (૨)

**(૧૫)**

**પ્ર.૭ દશવૈકાલિક તથા પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. જહા ...... ૨. ખવિત્તા ...... ૩. પકખંદે ...... ૪. મહિએ ....... ૫. થણિયં .......

**(૧૦)**

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગર્ભસ્થ જીવ જે આહાર કરે છે તે શેમાં પરિણમાવે છે? શા માટે? (૨×૩)

૨. આપણા પર શા માટે માતા – પિતાનો ઉપકાર છે?

૩. દેવો અંતકાળ નજીક જાણી શું ચિંતા કરે છે? પછી શું કરે છે?

૪. સાધુ સિદ્ધ કેવી રીતે થાય છે? (૧×૪)

૫. છ માસ નિર્મળ સંયમ પાળવાથી કોના સુખ ઉલ્લંઘી જાય છે?

૬. મહાશુક્ર દેવલોકના દેવોના સુખ કોણ ઉલ્લંઘી જાય છે?

૭. શ્રમણ નિર્ગ્રંથના સુખ શા માટે ભગવાને બતાવ્યા છે?

**(૧૦)**

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નારકીનો કષાયનો અલ્પબહુત્વ લખો. (૨×૨)

૨. ભય સંજ્ઞાનું પહેલું, પરિગ્રહ સંજ્ઞાનું ચોથું, લોભ સંજ્ઞાનું બીજું કારણ લખો. ઓઘ સંજ્ઞા એટલે શું?

૩. સંજ્ઞા કયા કર્મના ક્ષયોપશમથી થાય છે? (૧×૬)

૪. તિર્યંચના જીવો કેવી રીતે શ્વાસ લે છે? સંખ્યાતકાળની સ્થિતિવાળાના શ્વાસ કેવી રીતે લે છે?

૫. જઘન્ય ૧૭ પખવાડિયે, ઉત્કૃષ્ટ ૨૪ પખવાડિયે કોણ શ્વાસ લે? નારકીના જીવો કેવી રીતે શ્વાસ લે છે?

૬. ઉષ્ણ વેદના એટલે શું? કયા જીવોને હોય?

૭. ક્ષેત્ર વેદના એટલે શું? સૂક્ષ્મ પૃથ્વીકાયને હોય કે નહિ?

૮. વેદના પદ કયા સૂત્રનો અધિકાર છે? નિદા વેદના કોને નથી?

**(૫)**

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દશમા પૂર્વનું નામ, પદ સંખ્યા, વત્થુ, ચુલવત્થુ, શાહી હસ્તિ, વિષય વર્ણન લખો. (૩)

૨. ભગવતી સૂત્રની ટીકામાં શું બતાવ્યુણ છે? (૧)

૩. જે ...... થી દૂર જાય છે, તે ...... થી પણ દૂર જાય છે. (૧)

**જય – જિનેન્દ્ર**